ગાંધીનગર સમાચાર

સે-૨૪માં મકાન ભાડે આપી પોલીસને જાણ ન કરનાર સોની સામે ગુનો દાખલ

## @ગાંધીનગર

● કલાગુર્જરી દ્વારા 'પીડ પરાઈ જાણે' કાર્યક્રમ સવારે ૬.૩૦ કલાકે ટાઉનહોલ સામે સેક્ટર-૧૭ ખાતે યોજાશે.

● સે-૭ ચૌધરી સંકુલ ખાતે ઉત્તર ગુજરાત શાળા સંચાલન મંડળનું અધિવેશન સવારે ૧૦.૦૦ કલાકે યોજાશે.

● માઉન્ટ કાર્મેલ સ્કુલ ખાતે કથ્થક નૃત્ય કલાકાર દ્વારા નૃત્યની પ્રસ્તુતિનો કાર્યક્રમ સાંજે ૪ કલાકે યોજાશે.

● સે-૨-બી મહુડી હોલ ખાતે મુકુન્દભાઈ ધંધુકાવાળા દ્વારા ભાગવત કથા સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● પૂજય મહાત્મા ગાંધીજીની જન્મજયંતીની ઉજવણી ૨જી ઓકટોબરથી શરૂ થનાર છે. નશાબંધી સપ્તાહનો ઉદઘાટન કાર્યક્રમ ભગિની વિદ્યાલય, નારદીપુર ખાતે સવારે ૮ કલાકે યોજાશે.

● દિવ્ય જીવન સંઘ ગાંધીનગર તથા ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે સે-૧ ખાતે સવારે ૭ કલાકે યોગ ધ્યાન શિબિર યોજાશે.

● સ્વ. જે.જે. બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે ગાંધી જયંતિ અને નેચરોપેથી દિવસ નિમિત્તે તા. ૨ થી ૪ ઓકટોબર દરમિયાન સવારે ૯ કલાકે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન તથા સારવાર કેમ્પ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# ગાંધીનગરની ફોરેન્સિક યુનિવર્સિટીની વૈશ્વિકકક્ષાની સંસ્થાઓમાં ગણના

## ઓસ્ટ્રેલિયાના શિક્ષણમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં એડવાન્સડ ફિંગર પ્રિન્ટિંગ, બાયોમેટ્રિક ટેકનોલોજી અને ડિજિટલ ફોરેન્સિક ક્ષેત્રે ફોરેન્સિક યુનિવર્સિટી અને ઓસ્ટ્રેલિયાની કેનબરા ઈન્સ્ટિટયૂટ વચ્ચે કરાર

ગાંધીનગર, તા.૧

ઓડવાન્સડ ફિંગર પ્રિન્ટિંગ સ્કિલ પ્રોગ્રામ, બાયોમેટ્રિક ટેકનોલોજી અને ડિજિટલ ફોરેન્સિક જેવા પ્રોગ્રામો આવરી લેવા આજે ગાંધીનગર ખાતે ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી અને ઓસ્ટ્રેલિયાની કેનબરા ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી વચ્ચે મહત્વના સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા. આ સમજૂતી કરાર પ્રસંગે ઓસ્ટ્રેલિયાના શિક્ષણ અને તાલીમ મંત્રી સુશ્રી જોય બુર્ચ એમ લા અને ફોરેન્સિક યુનિવર્સિટીના ડાયરેકટર ડૉ. જે. એમ. વ્યાસ ઉપસ્થિત રહ્યા હતાં.

ઓસ્ટ્રેલિયાના શિક્ષણ અને તાલીમ મંત્રી સુશ્રી જોયે જણાવ્યું હતું કે ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી સાથે થયેલા કરારથી વિદ્યાર્થીઓને સંશોધન, તાલીમ અને સ્કીલ ડેવલપમેન્ટ ક્ષેત્રે નવી દિશા મળશે તેમજ ઉચ્ચ અભ્યાસની નવી તકો ઉપલબ્ધ





થશે. ગુજરાતના વિદ્યાર્થીઓને ગુનાઓ ઉકેલવાના ક્ષેત્રમાં વૈશ્વિક કક્ષાનુ પ્લેટફોર્મ ઉપલબ્ધ થશે. આજના આ શૈક્ષણિક ક્ષેત્રના આદાન--દાનના સમજૂતી કરાર થકી ભારત અને ઓસ્ટ્રેલિયાના સંબંધો વધુ મજબૂત થશે અને શિક્ષણ ક્ષેત્રે નવી તકો ઉભી થશે.

જી.એફ.એસ.યુ.ના ડાયરેકટરશ્રી ડૉ. જે. એમ. વ્યાસે જણાવ્યું હતું કે, ગુજરાત ફોરેન્સિક યુનિવર્સિટીની વૈશ્વિકકક્ષાની સંસ્થાઓમાં ગણના થવા લાગી છે. આજના આ સમજૂતી કરારમાં ઓડવાન્સડ ફિંગર પ્રિન્ટિંગ સ્કિલ -ેગામ, બાયોમેટ્રિક ટેકનોલોજી અને ડિજિટલ ફોરેન્સિક તદઉપરાંત શિક્ષણ, તાલીમ, સ્કીલ ડેવલપમેન્ટ અને સંશોધન જેવા ક્ષેત્રોનો પણ સમાવેશ કરાયો છે. આ કરારમાં બંને ઈન્સ્ટિટયૂટ શૈક્ષણિક, તાલીમ, સ્કીલ ડેવલપમેન્ટ અને સંશોધન ક્ષેત્રે આદાન--દાન કરશે. વૈશ્વિક પ્રદાનોને ધ્યાનમાં રાખી સંયુકત પણે વિવિધ -ેજેકટ હાથ ધરવામાં આવશે જેમાં ફેકલ્ટી અને વિદ્યાર્થીઓનું પણ આદાન--દાન કરવામાં આવશે. આજે સંપન્ન થયેલા કરારોથી સ્થાનિક ગુનાઓ, સાયબર ક્રાઈમ, તેમજ સલામતી-સુરક્ષા ક્ષેત્રે બનતા ગુનાઓને તજજ્ઞો અને ટેકનોલોજીના માધ્યમથી ઉકેલવામાં સરળતા રહેશે. જી.એફ.એસ.યુ.એ અત્યાર સુધીમાં ૧૩ આંતરરાષ્ટ્રીય અને ૧૯ રાષ્ટ્રીય નામાંકીત સંસ્થાઓ સાથે શિક્ષણક્ષેત્રે સહયોગ કર્યો છે.

શ્રી વ્યાસે આજના કરારમાં -થમવાર ઓસ્ટ્રેલિયાના શિક્ષણમંત્રીશ્રીની ઉપસ્થિતીને પ્રેરક ગણાવી આજના સમજૂતી કરારને ઐતિહાસિક ક્ષણ ગણાવી હતી.

જી.એફ.એસ.યુ. ખાતે યોજાયેલા સમજૂતી કરારમાં ઓસ્ટ્રેલિયાના ટ્રેડ કમિશનરશ્રી ટોમ કાલ્ડર તેમજ કેનબરા ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજીના સી.ઈ.ઓ. સુશ્રી લીની કવરે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

આ -સંગે ઓસ્ટ્રેલિયા-ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલના પ્રમુખશ્રી દિપક ગુપ્તા, જી.એફ.એસ.યુ.ના રજિસ્ટ્રારશ્રી સી.ડી.જાડેજા, ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, જી.એફ.એસ.યુ.ના અધ્યાપકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## વાતવાતમાં

● રાજય સરકારમાં ફિકસ વેતનમાં કામ કરતા કર્મચારી/અધિકારીઓ ફિકસ વેતન દુર કરવા અંગે ગાંધી જયંતિ નિમિત્તે સાબરમતી આશ્રમ ખાતે આવેનદપત્ર આપશે.

● પોલીસ ભવનમાં બેસતા એક ડીવાયએસપીનો કૌટુંબિક મામલો સે-૨૧ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો.

● શહેરના ગ-૦ પાસે બપોરના સુમારે સ્વીફટ કારને અન્ય કારે પાછળથી ટકકર મારતા સ્વીફટ કારને નુકસાન પહોંચ્યું હતું. બંને પક્ષ વચ્ચે લાંબી રકઝક થયા બાદ સમાધાન થયું હતું.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## નગરને સ્માર્ટ સીટી બનાવવા આજે કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલની દીર્ઘ દ્રષ્ટિથી ગાંધીનગર શહેરને સ્માર્ટ સીટી બનાવવા આયોજન કરવામાં આવી રહ્યું છે જેને અનુલક્ષી શહેરને સ્માર્ટ સીટી બનાવવા તા. ૨ ઓકટોબરના રોજ સાંજે ૬.૦૦ કલાકે સે-૩૦ ખાતે અક્ષરધામ સર્કલ ૨૧/૩૦ બસ સ્ટેન્ડ પાસે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરના નાગરિકોને સલાહ સૂચન તેમજ પોતાના મંતવ્ય રજુ કરવા માટે મેયર હંસાબેન મોદીએ જણાવ્યું છે.

# ચૌધરી મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થિનીઓએ અડાલજ વાવની સફાઈ કરી

ગાંધીનગર, તા. ૧

અખિલ આંજણા કેળવણી મંડળ, સંચાલિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના એન.એસ.એસ. એકમ દ્વારા 'પુરાતત્વીય સ્મારકોની મુલાકાત' અંતર્ગત અડાલજની પ્રાચીન વાવની મુલાકાતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.એસ.એસ. એકમની ૪૧ જેટલી સ્વયંસેવિકા વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી.

આ પ્રસંગે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. ભરતસિંહ રાવે સ્વયંસેવિકા વિદ્યાર્થીનીઓને જણાવ્યું હતું કે બેનમૂન શિલ્પ સ્થાપત્ય ધરાવતી આ મધ્યકાલીન વાવ પુરાતત્વીય અવશેષનો શ્રેષ્ઠ નમૂનો છે. જેનું જતન અને સંવર્ધન કરીને આવી રાષ્ટ્રીય ધરોહરને સાચવવાની જવાબદારી યુવા પેઢીની છે. આ પ્રસંગે સ્વયંસેવિકા વિદ્યાર્થીનીઓએ વાવની સફાઈ કરીને એન.એસ.એસ.નો ઉમદા હેતુ ચરિતાર્થ કર્યો હતો. પૂર્વ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. રાકેશભાઈ પટેલે વિદ્યાર્થીનીઓને આવા પુરાતત્વીય સ્મારકોના વિવિધ પાસાઓ પર સૂક્ષ્મ સંશોધન કરવા પ્રોત્સાહિત કરી હતી.

કોલેજના આચાર્યા ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ સ્વયંસેવિકા વિદ્યાર્થિનીઓની આ ઉમદા પ્રવૃત્તિને બિરદાવી હતી.

## પ્રેરણા વિદ્યાલયમાં હિન્દી પ્રચાર અને પ્રસારનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧

પ્રેરણા વિદ્યાલય ખાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રભાષા હિન્દી પ્રચાર અને પ્રસાર માટેનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાષ્ટ્રભાષા હિન્દી અંગે જાગૃતિ કેળવવા તેમજ હિન્દીભાષાનું મહત્વ શું છે તે વિશેની વિદ્યાર્થીઓને સાચી સમજ આપવામાં આવી હતી. રાષ્ટ્રભાષાના પ્રચારક વિક્રમસિંહ રાજપૂતે હિન્દીભાષા એ સંસ્કૃત ભાષાની પ્રથમ દીકરી છે તથા હિન્દી ભાષા દરેક ભાષાને આવરી લેનારી ભાષા છે. તેમજ કાર્યક્રમને અનુરૂપ પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દેના બેંકના સિનિયર મેનેજર પી.પી. મકવાણા અને આર્ય સમાજના પ્રચારક આચાર્યજી શૈલેન્દ્ર સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય મનિષભાઈ ખત્રી સાહેબે ઉપસ્થિત તમામ મહેમાનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો કાર્યક્રમના અંતે આભાર વ્યકત કર્યો હતો.

## જિલ્લા કોંગ્રેસ સમિતિ મહાત્માની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિની આગેવાની હેઠળ તા. ૨ ઓકટોબરના રોજ સવારે ૯.૧૫ કલાકે સચિવાલય વિધાનસભા ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ આપી આંટી પહેરાવવાનો કાર્યક્રમ યોજવામાં આવશે. કાર્યક્રમમાં તમામ સિનીયર આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરો, મહિલા કોંગ્રેસ સેવાદળ, યુવક કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ.ને ઉપસ્થિત રહેવા જણાવેલ છે.



વિશ્વ વડીલ દિવસ, વિશ્વ વૃધ્ધ દિવસ. જીવનની તડકી છાંયડી જોયા બાદ પરિવારને પોતાની પાંખમાં સમાવી લેતા વડીલોને શત શત વંદન... બાળકો માટે દાદા-દાદી, નાના-નાની જીવનનું મોટું ભાથુ આપતા જીવનની બીજી ઈનીગ્સ પણ ખુમારીથી જીવી જાણે છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## પેન્શન માટે ધક્કા ખાઈને થાકેલા રાજસ્થાનના વૃધ્ધનો સચિવાલય બહાર દવાઓ ગટગટાવી આપઘાત

ગાંધીનગર, તા.૧

એસઆરપી ગોધરામાંથી નિવૃત્ત થયેલા પિતાના પેન્શન માટે રાજસ્થાનથી તેમના ૬૦ વર્ષીય વૃધ્ધ દિકરા ગાંધીનગરના ધક્કા ખાઈ એ હદે કંટાળી ગયા કે આજે બપોરે સચિવાલય બહાર જ બાંકડા પર ગોળીઓ ફાંકી લઈ આપઘાત કરી બેઠા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા પરંતુ અડધા કલાકમાં તેમનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને રાજસ્થાન રહેતા મૃતકના પરિવારજનોને બોલાવી તપાસ શરુ કરી છે.

એસઆરપી ગોધરામાંથી નિવૃત્ત થયેલા ઓમપ્રકાશસિંગ યાદવનું પેન્શન કોઈ કારણોસર નિવૃત્તિ બાદ પણ શરૂ થયું ન હતું. પેન્શન માટે તેમના ૬૦ વર્ષના વૃધ્ધ દિકરા વિજયસિંગ યાદવ અત્યાર સુધીમાં ૧૦ થી ૧૨ વાર રાજસ્થાનથી ગાંધીનગર સચિવાલયના ધક્કા ખાઈ ચુકયા હતા. આજે પણ રાજસ્થાનથી તેઓ ગાંધીનગર સચિવાલય ખાતે આવ્યા હતા પરંતુ નિવેડો ન આવતા આખરે કંટાળી ગયેલા વિજયસિંગે સચિવાલય બહાર જઈ એક બાંકડા પર બેસીને દશેક જેટલી ગોળીઓ એક સાથે ગળી લીધી હતી. ગંભીર હાલતમાં તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા પરંતુ અડધા કલાકમાં જ તેમણે દમ તોડયો હતો. સે-૭ પોલીસે ગુનો નોંધીને વૃધ્ધનો મૃતદેહ પીએમ કરાવી પરિવારજનોને જાણ કરી તપાસ શરુ કરી છે. રાજસ્થાનથી મૃતકનો દિકરો સંદિપસિંગ તથા પરિવાર ગાંધીનગર આવવા નીકળ્યા છે.

## 'નમો ગણેશ ચિત્ર સ્પર્ધા'ના વિજેતા જાહેર

ગાંધીનગર, તા.૧

ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ દ્વારા ગણેશ ચતુર્થી તેમજ વડાપ્રધાનના જન્મ દિન નિમિત્તે ઈન્ફોસીટી ગ્રુપ દ્વારા 'નમે ગણેશ ચિત્ર સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ દ્વારા આયોજીત 'નમો ગણેશ ચિત્ર'માં ઉ.વ.૬ થી ૩૦ વર્ષ સુધીના સ્પર્ધકો છે. ચિત્ર, રંગપુરણી, સુશોભન સાથે સુંદર ગણેશજીના ચિત્રો તૈયાર કર્યા હતા. આજ રોજ ઈન્ફોસીટી ખાતે ડૉ. રાજેશ ભોજકે ગ્રુપ એ અને બીના કુલ ૮ વિજેતા જાહેર કર્યા હતા. જેમાં ગ્રુપ એમાં પ્રથમ ક્રમે બોરા જસ્મીન અનિલ, દ્વિતિય ક્રમે સાહિલ ડી.સોમેસરા, રાવલ મેશ્વા વિષ્ણુભાઈ તૃતીય ક્રમે જયારે દેવમોરારી નિસર્ગ નિરવ ચોથા ક્રમે વિજેતા જાહેર થયા હતા. તેવી જ રીતે ગ્રુપ બીમાં પ્રથમ ક્રમે અદિતિ જોષી, દ્વિતિય ક્રમે નંદીની ગુપ્તા, તૃતીય ક્રમે અર્પિતા રૂપાલ, ચોથા ક્રમે રામવત મિનાક્ષી રહ્યા હતા. વિજેતા સ્પર્ધકોને ઈન્ફોસીટી ગ્રુપના એમ.ડી. સુવાસ બારોટ થતા ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટના એમ.ડી. અંજુ બારોટે અભિનંદન પાઠવ્યા હતા.

## સે-૨૪માં મકાન ભાડે આપી પોલીસને જાણ ન કરનાર સોની સામે ગુનો દાખલ

### જે મકાન ભાડે આપ્યું હતું ત્યાં ગેરકાયદે ટ્રીબ્યુનલ કોર્ટ શરૂ કરી દેવાઈ હતી : મકાન સીલ મારી દેવાયુ

ગાંધીનગર, તા.૧

શહેરના સેકટર-૨૬ કિસાનનગરમાં રહેતા જીજ્ઞેશ સોનીએ તેમના સે-૨૪ ડબલડેકર ખાતેનું મકાનને ભાડે આપેલું હતું. જે જગ્યા પર ગેરકાયદે ટ્રીબ્યુનલ કોર્ટ શરુ કરી દેવાઈ હોવાનું ખુલતા તેને સીલ પણ મારી દેવાયું છે. તેની તપાસમાં જતા ધ્યાને આવ્યું કે મકાન માલિકે પોલીસને ભાડુઆત અંગેની જાણ પણ કરી ન હતી જેને પગલે સે-૨૧ પોલીસે મકાન માલિક સામે જિલ્લા કલેકટરના જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૨૪ ડબલ ડેકર વિસ્તારના એક મકાનમાં જમીનને લગતી તકરારોના નિરાકરણ માટેની ગેરકાયદે ટ્રીબ્યુનલ કોર્ટ શરુ કરી દેવામાં આવી હતી. મોરેશ સેમ્યુઅલ ક્રિશ્ચિયને આ મકાન ભાડે રાખી ટ્રીબ્યુનલ કોર્ટ શરુ કરી દીધી હતી જે અંગે કોર્ટ મેટર થયા બાદ મામલતદારે મકાનને સીલ કરી દીધું છે. આ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે મકાન સે-૨૬માં રહેતા જીજ્ઞેશ લાલજી સોનીનું છે અને તેણે ભાડે આપ્યું હતું. પરંતુ પોલીસને ભાડુઆત અંગેની જાણ કરી ન હતી. જેને પગલે આજે સે-૨૧ પોલીસ મથકના પીએસઆઈ સી.બી. ચૌહાણે જીજ્ઞેશ સોની સામે કલમ ૧૮૮ મુજબ ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

## રાજયમાં સાહસિક પગપાળા વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજાશે

### ભાગ લેવા ઈચ્છુક યુવક-યુવતીઓએ ૩૦ ઓકટોબર સુધીમાં અરજી કરવી

ગાંધીનગર, તા.૧

રાજયના ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા વિદ્યાર્થી, બિનવિદ્યાર્થી તેમજ યુવક-યુવતીઓને સાહસિક પગપાળા વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમમાં ભાગ લેવાની તક આપી પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે સાહસિક પગપાળા વન વિસ્તાર પરિભ્રમણનો ૧૦ દિવસનો કાર્યક્રમ આગામી નવેમ્બર-૨૦૧૫માં યોજાનાર છે. આ કાર્યક્રમમાં ૧૦૦ યુવક-યુવતીઓને ભાગ લેવાની તક આપવામાં આવશે.

જે યુવક-યુવતીઓની તા.૧૫-૧૦-૨૦૧૫ની સ્થિતિએ રોજ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય અને ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ પોતાની અરજી જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી, શિવ શક્તિ બિલ્ડીગ, જીલ્લા પંચાયત સામે, પાલનપુર- જિ.બનાસકાંઠા-૩૮૫૦૦૧ને તા.૩૦-૧૦-૨૦૧૫ સુધીમાં મોકલી આપવાની રહેશે.

વધુમાં અરજીમાં (૧) પુરૂ નામ, (૨) સરનામું, (૩) જન્મ તારીખ (જન્મ તારીખનો પુરાવો), (૪) શૈક્ષણિક લાયકાત, (૫) વ્યવસાય, (૬) એન.સી.સી./પર્વતારોહણ/રમતગમત સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો તેની વિગત, (૭) શારિરીક તંદુરસ્તી ધરાવતા હોવાનું તબીબી -માણપત્ર, (૮) અગાઉ આ -કારના કાર્યક્રમમાં ભાગ લીધો હોય તો તેની વિગતો, (૯) વાલીની સંમતિ, (૧૦) તાજેતરમાં પડાયેલ પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ મોકલવાનો રહેશે. નોંધનીય છે કે અધૂરી વિગતોવાળી અને સમય મર્યાદા બાદ મળેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

ઉલ્લેખનીય છે કે રાજયભરમાંથી મળેલ અરજીઓમાંથી પસંદગી સમિતિ દ્વારા યોગ્યતા ધરાવતા ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. ફકત પસંદ થયેલ યુવક-યુવતીઓને જ આ બાબતની જાણ કરવામાં આવશે. તેમ કમિશનરશ્રી, યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## નવરાત્રિ મહોત્સવ માટે કારોબારી સભ્યોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૧

સેકટર-૩૦, જ-૨ વસાહત દ્વારા નવરાત્રિ મહોત્સવ-૨૦૧૫ માટે કારોબારી સભ્યો અને પ્રમુખની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખપદે પ્રકાશ તડવી, ઉપ્રમુખ પદે વિમલ પટેલ, સલાહકાર તરીકે હરિશચંદ્ર રાઠોડ, સહમંત્રી તરીકે જીતેન્દ્ર રાઠોડ, મંત્રી તરીકે અરવિંદ પટેલ ખજાનચી-૧ તરીકે યોગેશ બારોટ, ખજાનજી-૨ તરીકે રણજીત તડવી, ઓડીટર-૧ તરીકે અજીતસિંહ હડીયોલની પસંદગી કરી હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

## અમદાવાદ ખાતે પસંદગી મેળાનું આયોજન

અમદાવાદમાં આવેલ શ્રી હરિ નૃસિંહ કૃપા ચેરીટેબલ સેવા એન્ડ ટ્રસ્ટ દ્વારા રોહિદાસ સમાજના સમાજયોગીના ઉમદા હેતુથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજના લગ્નવાંચ્છુક યુવક યુવતીઓએ ઉમેદવારી નોંધાવા અંગેના ફોર્મ હિમાંશુ દેસાઈ ૪૬૩/૧૫/૨ ગજાનંદ કો.ઓ.હા. સોસાયટી, ન્યુ સિવિલ અમદાવાદ ખાતેથી મેળવવાના રહેશે તેમજ ગાંધીનગરના ઉમેદવારોઓએ ફોર્મ મેળવવા વિઠ્ઠલભાઈ પરમારનો સંપર્ક સાધવાનો રહેશે આમ ટ્રસ્ટના પ્રમુખે જણાવેલ છે.

## દવા વગર રોગમાંથી મુકત થવા ઉમિયા મંદિરમાં શિબિર

ગાંધીનગર, તા.૧


શ્રી ઉમિયા માતાજી સંસ્થા દ્વારા તંદુરસ્ત સમાજના નિર્માણ માટે કોઈ પણ પ્રકારની દવા કે કોઈ પણ પ્રકારની ટ્રીટમેન્ટ કે થેરાપીના ઉપયોગ વગર દરેક પ્રકારના રોગમાંથી મુકત થવા માટે એક નિઃશુલ્ક માર્ગદર્શન શિબિરનું આયોજન તા. ૪ ઓકટોબરના રોજ બપોરે ૩ થી ૬ વાગ્યા દરમિયાન સે-૧૨ ઉમિયા માતાજી કેમ્પસ ખાતે કરવામાં આવ્યું છે. આ શિબિરમાં માનવજાતમાં થતા રોગ માટેના કારણો, રોગ થયા પછી તેમાંથી મુકત થવા કોઈ પણ પ્રકારની દવા કે ઉપચારની પદ્ધતિ વગરના સરળ રસ્તાઓ, કોઈ પણ પ્રકારના અસાધ્ય રોગ જેવા કે ઓબેસિટી, ડાયાબીટીસ, બ્લડ પ્રેશર જેવા રોગોમાંથી કાયમી છુટકારો મેળવવા માટે નિઃશુલ્ક માર્ગદર્શન આપવામાં આવશે તેમ સંસ્થાના મહામંત્રી અરવિંદભાઈ પી. પટેલે જણાવ્યું છે.

# નગરમાં શ્વાનપ્રેમીઓની સંખ્યામાં વધારો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં શ્વાનપ્રેમીઓની સંખ્યામાં વધારો થયો છે. શહેરમાં વિવિધ બ્રીડના ૩૨૦૦ શ્વાનો શહેરીજનોના ઘરમાં વસવાટ કરે છે.શ્વાન પ્રેમીઓ દ્વારા તેમની યોગ્ય કાળજી પણ લેવામાં આવી રહી છે.

શ્વાન એ વફાદાર પ્રાણી છે. ઐતિહાસિક સમયથી શ્વાનની વફાદારીના કિસ્સા સાંભળવા મળે છે. માયાળુ અને વફાદાર હોવાથી લોકોને પાળવું ગમે છે. શહેરમાં પણ જયાં નજર કરો ત્યાં વિવિધ પ્રકારના શ્વાન નજરે પડે છે. જેમાં ડોબરમેન, લેબ્રાડોર, જર્મન શેફર્ડ, પગ, રોટવીલર, પામેરીયન, ડાલયેશીયન, બુલડોગ, સેન્ડ બર્નાડ સહિતની શ્વાનની વિવિધ બ્રીડ જોવા મળે છે. મિત્રતાનો સ્વભાવ ધરાવતો હોવાથી લેબાર્ડોર બ્રીડના શ્વાનને વધુ માલિકો રાખે છે જયારે નાનો અને આકર્ષક લુક ધરાવતો પગ બ્રીડના શ્વાન નાના બાળકોને પ્રિય હોવાથી તે પણ નગરમાં જોવા મળે છે. નગરજનોનો શોખ અત્યારે હાલ શ્વાન પ્રત્યે પુરબહારમાં ખીલ્યો છે. જયારે તેમની માવજત કરવી પણ ખુબ અઘરી હોય છે. નગરમાં અત્યારે હાલના સંજોગોમાં શ્વાનમાલિકોને બહારગામ જવું હોય ત્યારે તકલીફ ન પડે તે માટે ડોગ હોસ્ટેલ પણ શરુ થઈ ગઈ છે. જેમાં શ્વાનોને પણ વિશેષ સુવિધા પુરી પાડવામાં આવે છે. જયારે શ્વાનના શોખીન માલિકો પોતાના શ્વાન પાછળ મહિને દહાડે હજારો રૂપિયાનો ખર્ચ કરવામાં પણ અચકાતા નથી. નગરમાં વસવાટ કરતા વિવિધ બ્રાન્ડના શ્વાન અત્યારે હાલ તો એસી ગાડી તેમજ બંગલામાં રહીને આરામથી જીંદગી જીવી રહ્યા છે.



## ચિરવિદાય

- સ્વ. ચાવડા નવુબા નવુજી, ઉ.વ. ૭૬
- સ્વ. દમનકુમાર, ઉ.વ. ૮૦
- સ્વ. ઉપેન્દ્રકુમાર અંબાલાલ સોની, ઉ.વ. ૪૦
- સ્વ. ગંગાબેન લક્ષ્મણભાઈ વાઘેલા, ઉ.વ. ૬૨